પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૬૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૨-૧૧-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 61 PRICE :-RS. 1.50 DATE : 02-11-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### જી-૨૦ સમિટના મંચ પરથી ભારતના વડાપ્રધાન મોદીનું સંબોધન

## ભારત આવતા વર્ષે વિશ્વને ૫૦૦ કરોડ વેક્સિન ડોઝનું ઉત્પાદન કરશે : મોદી

નવી દિલ્હી,

ગ્લોબલ ફાઈનાન્સિયલ આર્કિટેક્ચરને વધુ 'fair' બનાવવા માટે ૧૫ ટકા, મિનિમમ કોર્પોરેટ ટેક્સ રેટ, એક મહત્વપૂર્ણ કદમ સાબિત થશે. ખુદ ૨૦૧૪માં G20ની બેઠકમાં તેનું સૂચન કર્યુ હતું. હું G20નો આભાર માનું છું કે તેણે આ દિશામાં નક્કર પ્રગતિ કરી છે. આર્થિક રિકવરી માટે આંતરરાષ્ટ્રીય અવરજવર વધારવી આવશ્યક છે. આ માટે આપણે અલગ-અલગ દેશોના વેક્સીન સર્ટિફિકેટ્સની પરસ્પર



માન્યતા સુનિશ્ચિત કરવાની રહેશે. PM મોદીએ કહ્યું કે, ભારત પોતાના વૈશ્વિક દાયિત્વોને લઈને હંમેશા ગંભીર રહ્યું છે. હું આજે G20ના આ મંચ પર, આપ સૌને એ જણાવવા માગું છું કે ભારતની તૈયારી, આગામી વર્ષે વિશ્વ માટે ૫ બિલિયન વેક્સીન ડોઝથી પણ વધુના ઉત્પાદનની કરી છે. ભારતના આ કમિટમેન્ટથી કોરોનાના વૈશ્વિક સંક્રમણને રોકવામાં ખૂબ મોટી મદદ મળશે. આથી, એ આવશ્યક છે કે WHO દ્વારા ભારતીય રસીઓને ત્વરિત માન્યતા આપવામાં આવે.G20 શિખર મંત્રણાના સત્રમાં વૈશ્વિક અર્થવ્યવસ્થા અને વૈશ્વિક આરોગ્ય અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, કોરોના વૈશ્વિક મહામારી સામે લડવા અમે One Earth- One Healthનું વિઝન વિશ્વ સમક્ષ રાખ્યું છે. ભવિષ્યમાં આવા કોઈપણ સંકટનો સામનો કરવા માટે, આ વિઝન વિશ્વની ખૂબ મોટી તાકાત બની શકે છે. ફાર્મસી ઓફ ધ વર્લ્ડની ભૂમિકા નિભાવતા, ભારતે ૧૫૦થી વઝુ દેશોને દવાઓ પહોંચાડી. તેની સાથે-સાથે અમે વેક્સીન રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગ વધારવામાં પણ પોતાની પૂરેપૂરી તાકાત લગાવી દીધી. તેમણે કહ્યું કે, ખૂબ ઓછા સમયમાં, અમે ભારતમાં એક બિલિયનથી વધુ વેક્સીન ડોઝ લગાવી ચૂક્યા છીએ. દુનિયાની one sixth વસતીમાં સંક્રમણને નિયંત્રિત કરીને ભારતે વિશ્વને પણ સુરક્ષિત કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે અને વાયરસના વધુ મ્યુટેશનની સંભાવનાને પણ ઓછી કરી છે. આ મહામારીએ સમગ્ર દુનિયાને વિશ્વસનીય સપ્લાઈ ચેઈનની આવશ્યકતા પ્રત્યે સતર્ક કરી છે. આ સ્થિતિમાં ભારત, એક વિશ્વસનીય મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઊભરી આવ્યું છે. PMએ કહ્યું કે, ભારતે bold economic reformsને નવી ગતિ આપી છે. અમે કોસ્ટ ઓફ ડૂઈંગ બિઝનેસને ખૂબ ઓછી કરી છે અને દરેક સ્તરે ઈનોવેશન વધાર્યુ છે. હું G20 દેશોને આમંત્રિત કરું છું કે પોતાની ઈકોનોમિક રિકવરી અને સપ્લાઈ ચેઈન વૈવિધ્યકરણમાં ભારતને પોતાનું વિશ્વસનીય સહભાગી બનાવે. સંભવતઃ જીવનનું કોઈ પાસુ એવું નથી કે જેમાં કોવિડના કારણે ખલેલ ન પહોંચી હોય. એવી વિકટ પરિસ્થિતિમાં પણ ભારતના IT-BPO સેક્ટરે એક સેકન્ડનો પણ અવરોધ આવવા ન દીધો, રાઉન્ડ ધ ક્લોક કામ કરીને સમગ્ર વિશ્વને સપોર્ટ કર્યો. તેમણે કહ્યું કે, મને ખુશી છે કે, જ્યારે મુલાકાતો દરમિયાન આપ જેવા નેતા, તેની પ્રશંસા કરે છે કે ભારતે કઈ રીતે એક વિશ્વસનીય પાર્ટનરની ભૂમિકા નિભાવી છે. આ આપણી યુવા પેઢીને પણ નવા ઉત્સાહથી ભરપૂર કરે છે અને આ એટલા માટે થયું, કેમકે ભારતે કોઈ સમય ગુમાવ્યા વિના, વર્ક ફ્રોમ એનીવ્હેર સાથે સંકળાયેલા અભૂતપૂર્વ સુધારા કર્યા.

## દિવાળીના દિવસોમાં ગુલાબી ઠંડીથી વધુ ચમકારો અનુભવાશે

અમદાવાદ,

હવામાન ખાતાની આગાહી મુજબ હાલમાં ઉત્તર-પૂર્વીય પવનના કારણે ઠંડીનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે. દિવસે મહત્તમ તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યું છે અને રાત્રિના ઠંડી વધી રહી છે. અંધારું ઢળતા જ ઠંડીનો માહોલ શરૃ થઈ જાય છે. જેમ જેમ રાત આગળ ધપતી જાય છે તેમ તેમ ઠંડીનો પ્રભાવ વધતો જ જાય છે. લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી આસપાસ રહેતું હતું તે ઘટીને ૧૫ ડિગ્રીએ પહોંચવાની આગાહી હવામાન ખાતાએ કરી છે. દિવાળીના દિવસોમાં ગુલાબી ઠંડીથી વધુ કહી શકાય તેવો ચમકારો અનુભવાશે તે નિશ્ચિત છે. રાત્રિના નોકરી પુરીને ઘરે જતા હોય તેવા કર્મચારીઓ ઠંડીનો વિશેષ અનુભવ કરી રહ્યાં છે. હવે કબાટમાં ઘડી કરીને સાચવી રાખેલા ગરમ કપડાં બહાર નીકળી રહ્યાં છે. ટૂંક સમયમાં શહેરીજનો ઠંડીથી રક્ષણ મેળવવા ગરમ વસ્ત્રોમાં ફરતા જોવા મળશે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે આગામી ચાર થી પાંચ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. જ્યારે લઘુત્તમ તાપમાનમાં પણ ૨૪ કલાક સુધી કોઈ ફેરફાર નહીં થાય. ત્યારબાદ સામાન્ય ફેરફાર જોવા મળશે.શિયાળાની ઋતુ પહેલાંની ગુલાબી ઠંડી હવે ધીમે ધીમે ચમકારાનું સ્વરૃપ લઈ રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે ઠંડીનું પ્રમાણ અત્યંત અનુભવાઈ રહ્યું છે. અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારના નગરજનો રાત્રિની તીવ્ર ઠંડીનાચમકારાથી રીતસર ધ્રુજી ઉઠયા હતા. અમદાવાદ શહેરમાં આગામી પાંચ દિવસ સુધી લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી આસપાસ રહેવાની આગાહી હવામાન ખાતાએ કરી છે. હવામાન ખાતાના અધિકારી મનોરમા મોહંતીએ પણ જણાવ્યું કે હવે ઠંડીની શરૃઆત થઈ ગઈ છે. સામાન્ય વધ-ઘટ રહેશે પરંતુ હવે ગરમી નહીં પડે. ઠંડી ધીમે ધીમે વધતી જશે.

## સરકાર JCBની મદદથી ખેડૂતોના તંબુઓને દિલ્હી સરહદોએથી તોડી પાડશે : ટિકૈત

નવી દિલ્હી,

ગાઝીપુર અને ટિકરી બોર્ડર પરથી બેરિકેડ્સ, તાર અને લોખંડના ખીલ્લાને હટાવી લીધા હતા. જોકે ખેડૂતોના જે તંબુ છે તેને ત્યાં જ રહેવા દીધા હતા. બીજી તરફ ખેડૂત સંગઠનોએ હવે કહ્યું છે કે જે રીતે પોલીસે અમારા અવરોધમાં બેરિકેડ્સ લગાવ્યા હતા તેને હટાવી લીધા છે તેવી જ રીતે સરકારે હવે અમારી સાથે વાતચીત શરૃ કરી દેવી જોઈએ. એવામાં રાકેશ ટિકૈતે કહ્યું છે કે



અમને એવી જાણકારી મળી છે કે ગમે ત્યારે સરકાર જેસીબીની મદદથી ખેડૂતોના તંબુઓને દિલ્હી સરહદોએથી તોડી પાડશે, જો સરકાર ખરેખર આવું કરશે તો અમે પોલીસ સ્ટેશનો કે ડીએમ કચેરીએ તંબુઓ નાખી દઈશું.કેંદ્ર સરકારના ત્રણ નવા કૃષિ કાયદાઓને લઈને ખેડૂતો ૧૧ મહિનાથી આંદોલન ચલાવી રહ્યા છે. એવામાં ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે કેન્દ્ર સરકારને ચેતવણી આપી છે અને કહ્યું છે કે જો ખેડૂતોને સરહદેથી બળજબરીથી હટાવવાનો પ્રયાસ કર્યો તો દેશભરમાં સરકારી કચેરીઓને ગલ્લા મંડી બનાવી દઈશું અને ત્યાં જ પાકને લાવીને રાખી દઈશું. ટિકૈતે કહ્યું કે અમને જાણકારી મળી છે કે પ્રશાસન જેસીબીની મદદથી ખેડૂતો બેઠા છે તે તંબુઓને હટાવવાનો પ્રયાસ કરી શકે છે. જો પ્રશાસન આવું કરશે તો ખેડૂતો પોલીસ સ્ટેશનો, ડીએમ કાર્યાલયોમાં જઈને ત્યાં પોતાના તંબુ લગાવી દેશે અને ધરણા પર બેસી જશે. ટિકૈતે કહ્યું કે હાલમાં જ લલિતપુરમાં એક ખેડૂતે આત્મહત્યા કરી લીધી. ખેડૂતોને સરકાર જ આત્મહત્યાના આંધળા કુવામાં ધકેલી રહી છે. સરકાર હઠ છોડે નહીં તો સંઘર્ષ વધુ તેજ બનાવવામાં આવશે.

## ગાંધીનગરમાં દિવાળી સમયે મંત્રીઓની ઓફિસોમાં હાલ લોકોની ચહેલ-પહેલ વધી

ગાંધીનગર,

ગાંધીનગરમાં જ્યાં કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓની તેમજ સરકારના તમામ ડિપાર્ટમેન્ટોની ઓફિસો છે તેવા નવા સચિવાલયમાં આવેલા સ્વિર્ણમ-૧ તથા સ્વિર્ણમ-૨ સંકુલમાં છેલ્લા ૮ દિવસથી કોર્પોરેટના આંટાફેરા વધ્યા છે. ચર્ચા એવી છે કે, તેઓ દર વર્ષની જેમ આ વર્ષે પણ મંત્રીઓ તેમજ બાબુઓને ગિફ્ટ આપવા માટે અહીં ચક્કર મારી રહ્યાં છે. જો કે ખાનગી કંપનીના ડાયરેક્ટરો-એક્ઝિક્યૂટિવો નવા મંત્રીઓને સારી રીતે ઓળખતા પણ નથી. તેઓને ગણ્યાગાંઠયા મંત્રીઓ સાથે જ સંપર્ક છે. માટે તેઓ જે તે મંત્રીઓનાPA-PS પાસેથી માહિતી લઈને આગળ વધી રહ્યાં છે. જે તે મંત્રીના વજન મુજબની ગિફ્ટની પસંદગી થઈ રહી છે. મોટાભાગના મંત્રીઓ-બાબુઓને તેમના બંગલે આવી મોંઘી ગિફ્ટો પહોંચાડી દેવામાં આવી છે. હવે ખૂબ મહત્ત્વના હોય તેવા મંત્રીઓ અને સિનિયર IAS અધિકારીઓને ધનતેરસના સારા દિવસે ખુશ કરી દેવાશે.

## જખૌ બંદર પર બોટ નમી જતા પાંચ માછીમારોનો બચાવ કરાયો

નારાયણ સરોવર,

જખૌ બંદરની દરિયાઈ ક્રિક વિસ્તારમાં નવા બંદરની અલવાહીદ નામની માછીમારી બોટે જળ સમાધી લીધી હતી. બોટમાં સવાર પાચેય માછીમારોને બાજુમાં માછીમારી કરતી બોટ દ્વારા બચાવી લેવાયા હતા. તા.૨૬ના રોજ નવા બંદરથી માછીમારી કરી અને જખૌ બંદર ઉપર અલવાહીદ નામની બોટ જવા માટે નિકળી હતી. આઈ.એન.ડી. જીજે ૧૪ એમ. એમ. ૩૭૯ રજીસ્ટ્રેશન નંબરની બોટના માલિક અબ્બાસ મામદ ચડિયાત છે બોટ કોરીક્રીકમાં માછીમારી કરી રહી હતી એમાં તા.૩૧-૧૦ના સવારે ટંડેલ અને માછીમારો દ્વારા પોતાની માછીમારીની જાળ ઉપાડતા જાળમાં મોટી માત્રામાં જેલીફીસ ફસાઈ જતા બોટ એક બાજુ નમી ગઈ હતી. જોત જોતામાં બોટમાં પાણી ભરાતા બોટ ડુબી ગઈ હતી. માછીમારોએ રાડા રાડ કરતા બાજુમાં અન્ય બોટએ તમામને પોતાની બોટમાં લઈ લીધા હતા. ગરીબ નવાઝ નામની બોટથી તમામ માછીમારોને જખૌ બંદર પર લઈ જવામાં આવ્યા હતા. ટંડેલ ચૌહાણ સાદીક ઈશા તેમજ બોટના ખલાસીઓ થૈયમ હૂશેન હાજી, ચોહાણ મોહમદ સફી સાદીક, શેખ ઓસમાણ ઉમર, બાંભણીયા ભચુ પાલા (રહે. તમામ નવાબંદર)વાળાનો આબાદ બચાવ થઈ જતા હાશકારો થયો હતો.નવા બંદરની અલવાહીદ નામની બોટ ગત ૨૬મીએ માછીમારી કરવા માટે નિકળી હતી, રવિવારે સવારે બોટમાં સવાર માછીમારો જાળ ઉપાડતા તેમાં મોટા પ્રમાણમાં જેલી ફીસ ફસાઈ હતી, જેલીફીસના વજનના કારણે બોટ એક બાજુ નમી ગઈ હતી અને દરિયાઈ ક્રિક વિસ્તારમાં બોટે જળસમાધી લીધી હતી, જો કે બોટમાં સવાર ટંડેલ અને માછીમારોને બાજુમાં માછીમારી કરતી બોટે બચાવી લીધા હતા.

## વિશ્વના દેશો અમને માન્યતા આપે નહીં તો હુમલા થતા રહેશે : તાલિબાન

કાબુલ,

તાલિબાને કબજો કર્યો તેને બે મહિના વીતી ગયા છે જોકે કોઈ દેશ તેને માન્યતા નથી આપી રહ્યું, ચીન અને પાકિસ્તાન જ એવા દેશ છે કે જે તાલિબાનમાં રસ દાખવી રહ્યા છે. અન્ય કોઈ દેશ મદદ કરવા તૈયાર નથી કે ન તો તાલિબાનની ક્રૂર સરકારને માન્યતા આપી રહ્યા છે. હાલ આંતરરાષ્ટ્રીય સંગઠનો અને વિશ્વ એ જોઈ રહ્યું છે કે તાલિબાનમાં માનવ અધિકારોની શું સ્થિતિ છે.શનિવારે હૈબતુલ્લાહે દારૂલ ઉલૂમ હકીમાહ મદરેસાની મુલાકાત લીધી હતી. જોકે તેની આ મુલાકાત દરમિયાન ભારે સુરક્ષા વ્યવસૃથા કરાઈ હતી અને વીડિયો, ફોટો લેવા પર પ્રતિબંધ રખાયો હતો. જોકે તાલિબાનના વડાના ભાષણની ૧૦ મિનિટની ઓડિયો ક્લીપ તાલિબાન દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી જાહેર કરાઈ હતી.પાકિસ્તાન પ્રયાસ કરી રહ્યું છે કે અન્ય દેશો તાલિબાનને આર્થિક મદદ કરે જોકે તેમ નથી થઈ રહ્યું, તેથી ગુસ્સે ભરાયેલા તાલિબાને હવે ધમકી આપી છે કે જો અમને આર્થિક મદદ કરવામાં ન આવી તો અમે વધુ ક્રૂર બનીશું અને હુમલા પણ કરીશું. જે હુમલા થશે તેને અટકાવીશું નહીં. તાલિબાન અગાઉ જ્યારે શાસનમાં હતુ ત્યારે તેણે અલકાયદા દ્વારા અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલા કર્યા હતા. આ જ પ્રકારના હુમલા કરવાની આડકતરી રીતે તાલિબાને ધમકી આપી દીધી છે. શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં તાલિબાનના પ્રવક્તા જબીઉલ્લાહ મુજાહિદે કહ્યું હતું કે તાલિબાનને એક જવાબદાર પક્ષ તરીકે જોવામાં આવે. આ સૃથતિ વચ્ચે હવે ગુસ્સે ભરાયેલા તાલિબાને કહી દીધુ છે કે અન્ય દેશો પર જો કોઈ હુમલો થાય તો આવા હુમલાને અટકાવવાની અમે જવાબદારી નહીં લઈએ. બીજી તરફ અફઘાનિસ્તાન પર કબજો કર્યો તે બાદ પહેલી વખત તાલિબાનનો વડો હૈબતુલ્લાહ અખુંડઝાદા જાહેરમાં જોવા મળ્યો હતો.

## ગુજરાતમાં હાલ ભાજપ પ્રદેશપ્રમુખના હાથમાં તમામ પાવર

ગાંધીનગર,

ભાજપના પ્રદેશપ્રમુખનો બંગલો ગાંધીનગરમાં પણ છે. તેઓને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ખાસ વિશ્વાસુ માનવામાં આવે છે. નવા મંત્રીમંડળની રચના પછી તેઓ વધુ પાવરફૂલ બન્યા છે. તેમના બંગલે રોજ ૩થી ૪ મંત્રીઓ આવે છે. પાટિલ સાથે બંધબારણે બેઠક કરે છે. સરકારમાં શું ચાલી રહ્યું છે, લોકોનો કેવો પ્રતિભાવ છે તે સંદર્ભમાં માહિતી આપે છે. એટલું જ નહી, પાટિલ પાસેથી ભવિષ્યની વ્યૂહરચના અંગેનું માર્ગદર્શન પણ મેળવે છે. જેને લઈને ચર્ચા શરૃ થઈ છે કે મંત્રીઓ ગાંધીનગર સચિવાલયમાં પ્રથમ શિફ્ટમાં જ્યારે રાત્રીના સમયે પાટિલના બંગલે બીજી શિફ્ટમાં કામ કરી રહ્યાં છે. તેઓ પોતાના બંગલેથી જ સમાંતર સરકાર ચલાવતા હોય એવું ચિત્ર ઊભું થયું છે.

## ઓસ્ટ્રેલિયાની સરકારે ભારતમાં બનેલી કોવેક્સિન રસીને આપી મંજૂરી

દિલ્હી,

ઓસ્ટ્રેલિયન સરકાર તરફથી કોવેક્સિનને આ લીલીઝંડી એવા સમયે મળી છે જ્યારે સ્વદેશી રસીને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની મંજૂરી માટે ઘણા સમયથી રાહ જોવી પડી રહી છે. આ રસીને મંજૂરી આપવા માટે માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કેટલીક વધુ માહિતી માંગી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું કહેવું છે કે, કેટલીક વધુ માહિતીની જરૂર છે. તેના આધારે જ રસીના ઉપયોગ માટે મંજૂરી આપી શકાય છે. આ પહેલા ૨૬ ઓક્ટોબરે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની બેઠક થઈ હતી, જેમાં રસીને મંજૂરી મળવાની આશા હતી, પરંતુ તેમ થઈ શક્યું નહીં. હવે ઉઌૅની બેઠક ૩ નવેમ્બરે યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં ભારત બાયોટેકની રસી કોવેક્સિનને મંજૂરી મળી શકે છે. આ વર્ષે ૧૯ એપ્રિલે જ ભારત બાયોટેક દ્વારા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સમક્ષ અરજી કરવામાં આવી હતી. આ રસી ભારત બાયોટેક દ્વારા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ સાથે મળીને વિકસાવવામાં આવી છે.ભારતમાં બનેલી કોરોના વેક્સિનને હજુ સુધી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા મંજૂરી આપવામાં આવી નથી, પરંતુ ઓસ્ટ્રેલિયાની સરકારે તેને માન્ય રસીની યાદીમાં સામેલ કરી છે. ભારત બાયોટેક દ્વારા બનાવવામાં આવેલી કોવેક્સિનને ઓસ્ટ્રેલિયાએ મુસાફરોના રસીકરણ સ્ટેટ્સ માટે મંજૂરી આપી છે.

## મોંઘવારીનો સ્વીકાર કરવો જોઈએ, સરકાર દરેક વસ્તુ ફ્રી ન આપી શકે : મંત્રી

નવી દિલ્હી,

દેશમાં વધી રહેલી મોંઘવારીને લઈને મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી મહેન્દ્ર સિંહ સિસોદિયાએ રવિવારે એક મોટું નિવેદન આપ્યું છે. ભાજપના નેતા મહેન્દ્રસિંહ સિસોદિયાનું કહેવું છે કે, જો આ વર્ષોમાં આવક વધી છે તો આપણે થોડી મોંઘવારીનો પણ સ્વીકાર કરવો જોઈએ. સરકાર દરેક વસ્તુ મફતમાં આપી શકતી નથી કારણ કે, સરકારની રેવન્યુ કલેક્શન પણ આના દ્વારા જ થાય છે. અમારી જેટલી પણ યોજનાઓ ચાલી રહી છે તે આનાથી જ ચાલી રહી છે. તેથી જનતાએ આ વાત સમજવી જોઈએ કે જે રીતે તમારી આવક વધી છે તે રીતે થોડી મોંઘવારી પણ સ્વીકારવી જોઈએ. આ પ્રેક્ટીકલ વાત છે. મહેન્દ્રસિંહ સિસોદિયાએ સાથે જ પેટ્રોલ અને ડીઝલના વધતા જતા ભાવ બાબતે પણ નિવેદન આપ્યું હતું તેમને કહ્યું હતું કે, તમે એમ ન કહી શકો કે ૧૦ વર્ષ પહેલા મને ૬ હજાર પગાર મળતો હતો અને આજે ૫૦ હજાર મળે છે, છતા ૧૦ વર્ષ પહેલા જે ભાવે પેટ્રોલ મળતુ હતું એ જ ભાવે આજે પણ પેટ્રોલ મળવુ જોઈએ. આ શક્ય નથી. આ ન વિચારો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હું આ અંગે પ્રેક્ટીકલ વાત કરવા માગુ છું કે, મોંઘવારી ક્યારેય પણ વર્તમાન ભાવથી માપવામાં આવતી નથી. જે કર્મચારીઓનો પગાર ૫ હજાર રૂપિયા હતો તેમને આજે ૨૫-૩૦થી હજાર નથી મળતા? શું વેપારીઓને વધુ કિંમત નથી મળી રહી? શું શાકભાજી ઉત્પાદકોના ભાવ વધ્યા નથી? શું દૂધ ઉત્પાદકના ભાવમાં વધારો નથી થયો? દરેક વર્ગની આવક વધી છે. તેમણે એવું પણ કહ્યું હતું કે, દોષારોપણ કોઈ પણ સરકાર પર કરવું યોગ્ય નથી. શું કોંગ્રેસની સરકારમાં મોંઘવારી વધી નહોતી? કોરોનાની મહામારી વચ્ચે દેશમાં મોંઘવારીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે.

કરો સોના-ચાંદી અને ગ્રહોના નંગની મંગલમય ખરીદી
તારીખ ૨/૧૧/૨૦૨૧, મંગળવારના રોજ
સૌથી વધુ પસંદગી, ઓછા મેકીંગ ચાર્જીસ, સારી ગુણવત્તા....
શ્રીનાથજી જવેલર્સ
ધનતેરસ
ફોન નં. ૦૨૬૭૨-૨૪૦૩૬૯,
મો. ૯૪૨૮૬ ૮૩૯૩૬



અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા

ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ
લઈને આવી રહ્યું છે....
ઓરેવા કંપનીની ઈ-બાઈક નો શોરૂમ એ પણ આપણા વેજલપુર ગામમાં
૧૦૦% ઈન્ડીયન મેનુફેક્ચરીંગ ઈલેક્ટ્રીક બાઈક
- ના પેટ્રોલની ઝંઝટ.
- ના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન ની માથાકુંટ.
- ના પી.યુ.સી. ની ઝંઝટ.
- ના હેલ્મેટ પહેરવાની જરૂર.
- ના લાયસન્સની જરૂર.
- એક જ વારના ચાર્જીંગથી ૫૦ કિ.મી. ચાલે.
બુકીંગ/વધુ માહિતી માટે મળો
સતિષભાઈ શેઠ
(ધી વેજલપુર નાગરીક સહકારી બેંક લી.-ચેરમેનશ્રી)
મો. ૭૭૭૮૦૩૪૯૧૯

### પૂરઝડપે વાહન ચલાવતા વાહન ચાલકો ચેતજો

# માર્ગ સલામતી માટે મહીસાગર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ઈન્ટરસેપ્ટરવાન અને કેમ્પર વાહન કાર્યરત



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, તાજેતરમાં ગુજરાત સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ તરફથી ગૃહમંત્રીના વરદ હસ્તે સમગ્ર રાજયમાં ટ્રાફિકની કામગીરી માટે ઈન્ટરસેપ્ટરવાન અને કેમ્પર વાહનની ફાળવણી કરવામાં આવી છે. જે અન્વયે મહીસાગર જિલ્લામાં પણ મહીસાગર પોલીસ અધિક્ષક આર.પી. બારોટની સુચના અને માર્ગદર્શન હેઠળ ટ્રાફિક પોલીસ વિભાગના મોનીટરીંગ હેઠળ એક ઈન્ટરસેપ્ટરવાન અને એક કેમ્પર વાહન માર્ગ સલામતી માટે કાર્યરત કરવામાં આવી છે.

વધુ સ્પીડના કારણે થતાં વાહન અકસ્માતના બનાવો અટકાવવા માટે આધુનીક રીતે તૈયાર કરવામાં આવેલ ઈનોવા ઈન્ટરસેપ્ટરવાનમાં અતિઆધુનીક લેસર સ્પિડગન PTZ કેમેરા, પબ્લીક એડ્રેસ સિસ્ટમ લગાડવામાં આવેલ છે.

જિલ્લા હેડકવાટર ડીવાયએસપી હાર્દિકકુમાર પ્રજાપતિએ વાનમાં લગાવવામાં આવેલ આધુનિક ટેક્નોલોજીની સિસ્ટમ અંગે માહિતી આપતાં જણાવ્યું હતુંકે, આ ઈન્ટરસેપ્ટરવાન માર્ગ પર ઓવર સ્પીડની ચાલતા વાહનોને અંકુશમાં લેવા તેના ઉપર કાયદેસર કાયવાહી કરવા અને તેના કારણે થતા અકસ્માત ઘટાડવા અને વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને લોકોનો કિંમતી સમય બચાવી શકાય તે માટે કાર્યરત કરવામાં આવી છે. જેમાં લગાડવામાં આવેલ અતિઆધુનીક લેસર સ્પિડગન PTZ કેમેરા પબ્લીક એડ્રેસ સિસ્ટમની મદદથી ઓવર સ્પિડથી તેમજ ભય જનક રીતે વાહન ચલાવતા વાહન ચાલકોને પારદર્શક રીતે ટ્રેસ કરી દંડનીય કાર્યવાહી કરી શકાય છે.

આ વાનના પેટ્રોલીંગ દરમિયાન ઝડપાયેલ વાહનચાલકો વિરુધ્ધ મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૩ મુજબ ટુ-વ્હીલર માટે-૧૫૦૦, ફોર વ્હીલર માટે-૨૦૦૦/-, અન્ય ભારે વાહનો માટે-૪૦૦૦/- ના દંડની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત ગુજરાત સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ તરફથી ટ્રાફિકની કામગીરીની સરળતા માટે તેમજ માર્ગ પર આકસ્મિક બનતી ઘટનાઓમાં આપત્તિ સમયે બચાવ અને રાહત કામગીરી માટે હાઈવે પેટ્રોલીંગ માટે બોલેરો કેમ્પર વાહન પણ ફાળવવામાં આવેલ છે.

જિલ્લા ટ્રાફીક પી.એસ.આઇ એમ.બી.ખરાડી અને ટ્રાફીક પોલીસ ટીમ દ્વારા જિલ્લામાં આ બંને વાહનો કાર્યરત થતાં અનિયંત્રિત ગતિએ પૂરઝડપે ચલાવતા વાહનચાલકોની ગતિ નિયંત્રણમાં આવશે અને અકસ્માતો અટકાવવામાં મદદરૂપ થશે.

# મહિસાગરના માનગઢ ખાતે રાષ્ટ્રીય જનજાતિ સંમેલન યોજાયું

સંતરામપુર, મહિસાગર જિલ્લાના માનગઢ તા.૩૧/૧૦/૨૦૨૧ રાષ્ટ્રીય જનજાતી સંમેલન મા પધારેલા ૬ રાજ્યોના જનજાતી કાર્યકર્તાઓથી સંતરામપુર તાલુકાના માનગઢની ધરતી ગુંજી ઉઠી..અને જનજાતી સમાજને ખુબ જ પ્રિય એવા દિવળીના પુર્વે જાણે દિવાળી જેવો નજારો માનગઢમા જોવા મળ્યો.

માનગડના ગૌરવને જનજનના હૃદયોમા જીવંત રાખવા માટે અને જનજાતી સંસ્કૃતિ અને તેના સાંસ્કૃતિક પરંપરાની રક્ષા હેતુ આ સંમેલન મળ્યુ. સંમેલનમા રાજ્ય મંત્રી કુબેરભાઈ ડિંડોરજીનું ઉચ્ચ શિક્ષા મંત્રી બનવા બદલ સ્વાગત કરવામા આવ્યુ. આ કાર્યક્રમને કમલ ડામોર, અજીતદેવ પારગી તથા રાષ્ટ્રીય આદિવાસી મંચના પ્રમુખ એવા પૂ. સંત નિતિનભાઈ પાડવીજીએ મુખ્ય સંબોધન કરેલ સાથે અન્ય વકતાઓ સુધીર વસાવાજી, ઝારખંડ થી સન્ની ટોપો, રાજસ્થાન થી ગોતમલાલ કટારા જેવા જનજાતી અગ્રણીઓને ખુબ જ વિશાળ સંખ્યામા ૬ રાજ્યોમાથી ઉપસ્થિત કાર્યકર્તાઓની વિશાળ સભાને સંબોધિત કરી.

કમલ ડામોરજીએ હર એક યુવાનને દેશની સકારાત્મક વિચારધારા સાથે જોડાયેલા રહેવાનુ આહ્વાન કર્યુ. અને તાત્યા મામા હોય કે ગોવિંદ ગુરૂજનજાતી નાયકોના રસ્તે ચાલવા આહ્વાન કર્યુ.

સભાને સંબોધતા જનજાતી આગેવાન અજીતદેવ પારગીએ પોતાની આગવી શૈલામા ગીત દ્વારા માનગડની માટીનું મૂલ રાખજો મારા ભીલ ભાયો દ્વારા માનગડ ગૌરવને જનજનમા ગુંજિત કરવા, ગુરૂગોવિંદ ની એકતાની શીખ સેવાની શિખની વાતને રાખતા કહ્યું કે, આજે આપણે એ ધરતી પર છીએ જે ધરતીના સંતે બે બે વાર જેલની સજા થવા છતા નહી તો પોતાનો ધર્મ છોડ્યો કે અંગ્રેજો જેવી સરકારોથી દબાયા પણ નથી. જનજાતી પ્રદેશની વાતોમા અહીના સમાજને ગુમરાહ કરનારા લોકોના ષડયંત્રોથી સાવધાર થવા આહ્વાન કરતા તેમણે કહ્યું કે, ભીલપ્રદેશની શું વાત કરો પુરા ભારતની વાત કરો કારણ આપણા ગુરવાએ દિલ્હીમા ડંકો માર્યો હતો. સાથે શિક્ષા રોજગાર અને બધા જ રાજ્યોમા જનજાતી સમાજ એની સમસ્યાઓ થી બહાર આવે તે માટેના પ્રયત્નો સાથે મળીને કરવા પણ ભાર મુક્યો હતો. દહેજ દેકાદેખી અને નશીલા પદાર્થો થી આજનો યુવાન બરબાર થઈ રહ્યોને તેને પણ સાચી દિશામા લાવવા માટે આહ્વાન કરાયુ હતું.

આજના સંમેલનમા ગુરૂગોવિંદ વાણીના ગાયક કાંતીભગતનુ પણ સ્વાગત કરી મંચ પર બિરાજમાન કર્યા હતા.


સાથે જ ઉભરતા નેતાઓ કહી શકાય કે જનજાતી સમાજનુ ભવિષ્ય એવા જનજાતી યુવાઓના આદર્શ અને પ્રેરણા એવા અજીતદેવ પારગી, કમલભાઈ ડામોર, સન્ની ટોપો, દિલિપ ચૌહાણ સોનજીભાઈ વસાવા ગૌતમલાલ કટારા જેવી જનજાતી યુવા શક્તિને પૂ.સંતો પૂ.નિતિનજી પૂ.બાપુ દલસુખદાસજી, ધનાજી મહારાજ જેવા સંતોએ તીર તલવારો, ભીલ કોટી અને ભીલ સાફાઓ બાંધી આશિર્વાદ સ્વાગત કરેલ. સંમેલનમા ઉપસ્થિત મુખ્ય કાર્યકર્તાઓ વગેરે પણ ભીલોની પોતાની આગવી પરંપરા ધરાવતી ચુંદડી ડિઝાઈન સાફાઓમા સજ્જ થઈ ને ઉપસ્થિત હતા. માનગઢની પવિત્ર ધરતી જે ગુરૂરામ રામના જય નાદોથી ગુંજાઈ માન થઈ.

# કડાણાના અમથાણી ગામે જમાઈ દ્વારા સસરાની હત્યા કરાઈ : પત્નિને માર મારતા સારવાર હેઠળ

દિવડાકોલોની, કડાણા તાલુકામાં જમાઈ દ્વારા સસરા અને પત્નિ પર કુહાડીથી હુમલો કરતા સસરાનુ મોત થયુ હતુ. જયારે પત્નિને સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવી હતી.

મોટા પડાદરાના ભગાભાઈ તાવિયાડની પુત્રી ઈલાબેનના લગ્ન અમથાણીના ડામોર શૈલેષભાઈ સાથે એક વર્ષ અગાઉ થયા હતા. જેમાં તા.૨૭/૧૦ના રોજ સસરા ભગાભાઈ તાવિયાડ તેની પુત્રી ઈલાને દિવાળીનો તહેવાર આવતો હોઈ તેડવા માટે અમથાણી ગયા હતા જેમાં પુત્રીને તેડી જવા બાબતે ઈલાબેન તેના પતિ અને ઈલાબેનના પિતા ભગાભાઈ ત્રણેય વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા શૈલેષભાઈએ ફરસી લાવી સસરા ઉપર જીવલેણ હુમલો કરતા સસરાનુ ઘટના સ્થળે જ મોત નીપજયું હતુ. જયારે પત્નિને કુહાડીના ઘા જીવલેણ હુમલો કર્યો હતો. બનાવની જાણ થતાં કડાણા પોલીસ સ્ટેશના પી.એસ.આઈ.મોઢીયા તથા સ્ટાફ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પી.એમ.માટે કડાણા મોકલી આપ્યો હતો જયારે ઈલાબેનને સારવાર માટે લુણાવાડા કોટેજ હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી જયાંથી વધુ સારવાર અર્થે વડોદર રિફર કરવામાં આવી હતી.

# ૪૦ ટકા મહિલાઓ જ્યારે રાજનીતિમાં આવશે તો રાજનીતિમાં બદલાવ થશે : પ્રિયંકા ગાંધી



લખનઉ, પ્રિયંકા ગાંધી ગોરખપુરમાં પ્રતિજ્ઞા રેલી દરમિયાન યોગી સરકાર પર વરસી હતી. પ્રિયંકા ગાંધીએ કહ્યુ કે ભાજપનો વિચાર છે, 'મોંઘવારી એટલી વધારો કે જનતા ત્રાહિમામ પોકારી જાય.લ્ર સત્તામાં ભાજપના આવ્યા પછી લોકોની આવક ઘટી છે. પીએમના ખરબપતિ મિત્ર એક દિવસમાં હજારો કરોડ કમાય છે. અમારા ૭૦ વર્ષની મહેનત તેમણે ૭ વર્ષમાં ગુમાવી દીધી. યુપીમાં ૧૦ લાખ સરકારી નોકરી ખાલી વડી છે. જે રક્ષક છે તે જ ભક્ષક બન્યા છે. ગુનેગાર અને પોલીસ કાબુમાં નથી આવી રહ્યા. પ્રિયંકા ગાંધીએ કહ્યુ કે એક મહિલાનો જીવન સંઘર્ષનું જીવન હોય છે. યુપીમાં ૫ વર્ષમાં મહિલાઓ પર જે અત્યાચાર થયો છે, તે તમે બધા જાણો છો. મહિલાઓએ પોતાની લડાઇ ખુદ લડવી પડશે. કોંગ્રેસ તમારી માટે લડશે. ૪૦ ટકા મહિલાઓ જ્યારે રાજનીતિમાં આવશે તો રાજનીતિમાં બદલાવ થશે. અહી ગરીબ વધુ ગરીબ બનતો જઈ રહ્યો છે. યુપી વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં મહિલાઓને ૪૦ ટકા ટિકિટ અને વિદ્યાર્થીઓને સ્માર્ટફોન, સ્કૂટી આપવાનો દાવો કરી ચુકેલી કોંગ્રેસે મહિલાઓ માટે અલગથી એક મહિલા ઘોષણા પત્ર તૈયાર કર્યુ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને ઉત્તર પ્રદેશના પ્રભારી પ્રિયંકા ગાંધીએ સોમવાર સવારે સવારે આ ઘોષણાપત્રની જાહેરાત કરી હતી. પ્રિયંકા ગાંધીએ કહ્યુ, ઉત્તર પ્રદેશની મારી પ્રિય બહેનો, તમારો દરેક દિવસ સંઘર્ષથી ભરેલો છે. કોંગ્રેસ પાર્ટીએ તેને સમજતા તમારી માટે અલગથી એક મહિલા ઘોષણા પત્ર તૈયાર કર્યુ છે. પ્રિયંકા ગાંધીએ ટ્વીટ કરતા લખ્યુ, ઉત્તર પ્રદેશની મારી પ્રિય બહેનો, તમારો દરેક દિવસ સંઘર્ષથી ભરેલો છે. કોંગ્રેસ પાર્ટીએ તેને સમજતા તમારી માટે અલગથી એક મહિલા ઘોષણા પત્ર તૈયાર કર્યુ છે. કોંગ્રેસ પાર્ટીની સરકાર બનવા પર વાર્ષિક ભરેલા ૩ સિલેન્ડર મફત આપવામાં આવશે. રાજ્યની સરકારી બસમાં મહિલાઓ માટે મફત યાત્રા હશે. વિદ્યાર્થીઓને સ્માર્ટ ફોન અને સ્કૂટી આપશે, વાર્ષિક ૩ સિલિન્ડર મફત આપવામાં આવશે, રાજ્યની સરકારી બસમાં મહિલાઓ માટ મફત યાત્રા, આશા અને આંગણવાડીની મારી બહેનોને દર મહિને ૧૦,૦૦૦ રૂપિયા મળશે, નવા સરકારી પદો પર આરક્ષણની જોગવાઈ અનુસાર ૪૦% પદ પર મહિલાઓની નિયુક્તી. ૧૦૦૦ રૂપિયા પ્રતિ મહિને વૃદ્ધા-વિધવા પેન્શન અને ઉત્તર પ્રદેશની ધરતી પર વીરાંગનાઓના નામ પર રાજયભરમાં ૭૫ વિદ્યાલય ખોલવામાં આવશે.

# દિવાળી પર્વ પહેલા અમદાવાદીઓને નવા બ્રિજની ભેટ

અમદાવાદ, ગાંધીનગર-સરખેજની મુસાફરી એકદમ સરળ બનશે. અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત રોડ અને જંકશનોને ટ્રાફિક જામની સમસ્યામાંથી મુક્તિ મળશે. અગાઉ થલતેજ અંડરપાસથી સોલા ઓવરબ્રિજ સુધીના ૫૧ કારોડના ખર્ચે બનેલો ૧.૫ કિલોમીટરનો બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યારે હવે સોલા ઓવરબ્રિજથી ગોતા સુધીના ૨.૫ કિલોમીટરના બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. બ્રિજના લોકાર્પણ માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. આ બ્રિજનું લોકાર્પણ થતા હવે વાહનચાલકોને કારગીલ ચાર રસ્તા અને સોલા ભાગવત ચાર રસ્તાના ટ્રાફિક માંથી મુક્તિ મળશે. ચિલોડા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં ૧૪૭ ના ૪૪ કીમી લાંબા રસ્તાની બંને બાજુ સર્વિસ રોડ સાથેના છ-માર્ગીકરણની કામગીરી ૯૧૩ કરોડના ખર્ચે પૂર્ણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. જે અંતર્ગત ૧૩ ફ્લાયઓવરમાંથી ૭ ફ્લાય ઓવર કાર્યરત થઈ ચુક્યા છે અને આઠમાં ફ્લાયઓવરનું આજે લોકાર્પણ થયું છે અને બાકીના ૫ ફ્લાય ઓવર નિર્માણાધિન છેબ્રિજને ખુલ્લો મુકાયા બાદ વાહન ચાલકોને સરખેજથી ખોડિયારનગર સુધી જવું સરળ બની રહેશે.દિવાળી પર્વ પહેલા અમદાવાદીઓને નવા બ્રિજની ભેટ મળવા જઈ રહી છે. જી હા સોલા ઓવરબ્રિજથી ગોતા સુધીના અઢી કિલોમીટરના એલિવેટેડ ઓવરબ્રિજનું કામ પૂર્ણ થઈ ગયું છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના હસ્તે તથા મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નવનિર્મિત બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં માર્ગ મકાન મંત્રી પૂર્ણેશ મોદી તેમજ રાજયમંત્રી જગદીશ વિશ્વકર્મા, મેયર કિરીટ પરમાર, અમદાવાદ શહેર અને ગાંધીનગરના ધારાસભ્યો, તેમજ અન્ય નેતા, અધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. તો ચાલો આજે તમને આ બ્રિજની વિશેષતા અને અન્ય માહિતી જણાવી દઈએ.

# આસારામ અને તેના પુત્ર નારાયણ સાંઈએ જામીન માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી



અમદાવાદ, દેશભરમાં ચર્ચાસ્પદ રહેલા રેપ કેસમાં આસારામ છેલ્લા આઠ વર્ષથી જેલમાં છે, જેથી તેના આરોગ્યની બાબતને આધાર માની જામીન અરજી કરવામાં આવી હતી. જેમાં કોર્ટ સમક્ષ આસારામના વકીલ તરફથી દલીલ કરવામાં આવી હતી કે, કોવિડ પછી ઉપરાંત અન્ય કેટલીક બીમારીઓ છે. જેલના સમય દરમિયાનમાં કેટલીક વાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરાંત આસારામના વકીલ મારફતે એ પણ દલીલ રજુ કરવામાં આવી કે સુપ્રીમ કોર્ટનો નિર્દેશ છે કે જો કોઈ આરોપી આઠ વર્ષ સુધી જેલમાં રહ્યો હોય, તેના આધારે પણ તેને જામીન આપી શકાય. આ મામલે હવે આગામી ૨૬ નવેમ્બરે સુનાવણી હાથ ધરવામાં આવશે દુષ્કર્મના કેસમાં સજા ભોગવી રહેલા આસારામ અને તેના પુત્ર નારાયણ સાંઈએ હાઈકોર્ટ સમક્ષ જામીન અરજી કરી છે. આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે આરોપી આશારામ અને તેના પુત્ર નારાયણ સાંઈના લેટેસ્ટ મેડિકલ રિપોર્ટ મંગાવ્યા છે. ઉલ્લેખનીય છેકે, વર્ષ ૨૦૧૩માં દુષ્કર્મના ગુના હેઠળ આસારામની ધરપકડ કરવામાં આવી હતી. આસારામના વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે જો કોઈ આરોપીએ આઠ વર્ષ જેટલો સમય જેલમાં ભોગવ્યો હોય તો સુપ્રીમ કોર્ટનો નિર્દેશ છે કે તેના આધારે પણ જામીન આપી શકાય. વધુ સુનવણી આગામી ૨૬ મી નવેમ્બરના રોજ હાથ ધરાશે. આસારામ સામે ગાંધીનગર ખાતેથી દુષ્કર્મની ફરિયાદમાં આજે તેણે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી છે. જો કે, આસારામની રેપ કેસમાં ગત વર્ષ ૨૦૧૩માં ધરપકડ કરવામાં આવી હતી. હાલ તેની ઉંમર ૮૨ વર્ષ થઈ છે. જેથી તેમના વર્ષના જૂન મહિનાના હેલ્થ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા હતા. જોકે કોર્ટે તેમના લેટેસ્ટ રિપોર્ટ રજૂ કરવા માટે કહ્યું છે.

## કલમ -૧૯ (૧) હેઠળનું જાહેરનામુ
## મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

જમીન સંપાદન પુન : સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો)

જિલ્લો : પંચમહાલ તા.૨૪ ઓગષ્ટ ૨૦૨૧

ક્રમાંક : અમ -૨૦૨૧ -૩૮૪ -મ-જપચ-૨૦૧૯-૮૭૩-ચ

રાજય સરકારને જમીન સંપાદન પુન : સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) અન્વયે મળેલ સત્તા અન્વયે એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની પાનમ હાઈલેવલ કેનાલના પ્રોજેકટના જાહેર હેતુ માટે સંપાદન કરવાનું આખરી થયેલ છે.

અને જયારે ગુજરાત સરકાર મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંક : અમ-૨૦૨૦-૪૪૬-મ-જપચ-૨૦૧૮-૮૭૩-ચ, તા.૦૫/૦૮/૨૦૨૦ ના રોજ કાયદા અનુસાર પ્રકાશીત કર્યા હતા તે જાણ કરવામાં આવી હતી કે, શીડ્યુલમાં ઉલ્લેખિત જમીનોની જરૂરીયાત જાહેર હેતુ માટે અને ગુજરાત જમીન સંપાદન પુન : સ્થાપન અને પુનર્વસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) ની કલમ ૧૫ હેઠળની નાયબ કલેકટર જમીન સંપાદન પુન : વસવાટ, કડાણા અને અન્ય યોજનાઓ, પંચમહાલ ગોધરાના રીપોર્ટથી સંતુષ્ટ છે. જે જણાવે છે કે, અનુસૂચિ મુજબ કહેવાતી જમીનોની સંપાદિત કરવાની જરૂર છે.

આથી કહેવાતા અધિનિયમની કલમ ૧૯ ની જોગવાઈ હેઠળ એ જાહેર કરવામાં આવે છે કે, ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો મહેલોલ, તા.ગોધરા, જિ.પંચમહાલની કુલ જમીન હે.આર.ચો.મી. ૫-૨૯-૧૧ ની જરૂર છે.

કોઈપણ કુટુંબ વિષય જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઇ રહ્યુ અને તેથી કોઈપણ પુન : સ્થાપન વિસ્તારની જરૂર નથી.

જમીન સંપાદન પુન : સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પાદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) ના કલમ ૩ (જી) હેઠળ નાયબ કલેકટર જમીન સંપાદન પુન : વસવાટ કડાણા અને અન્ય યોજનાઓ, પંચમહાલ ગોધરાને આથી કહેવાતી જમીન સંપાદનની ભવિષ્યની પ્રક્રિયાઓ માટે કલેકટરના કાર્યો કરવા માટે નિયુકત કરવામાં આવે છે.

જમીનના નકશાનું નિરીક્ષણ કોઈપણ કામકાજના દિવસે નાયબ કલેકટર, જમીન સંપાદન પુન : વસવાટ કડાણા અને અન્ય યોજનાઓ, પંચમહાલ ગોધરાની કચેરીમાં કરી શકાશે.

અનુસૂચિ

મોજે-મહેલોલ | તાલુકો-ગોધરા | જિલ્લો-પંચમહાલ

| સર્વે-બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) | સર્વે/બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૭૩૫ | ૦-૫૨-૬૧ | ૮૨૬ | ૦-૫૫-૬૪ |
| ૭૩૬ | ૦-૩૬-૪૨ | ૧૫૨/અપ/૨ | ૦-૨૨-૨૬ |
| ૭૩૭ | ૦-૭૯-૯૩ | ૧૫૨/અ/૧૭ | ૦-૧૨-૧૪ |
| ૭૩૮ | ૦-૩૩-૩૯ | ૧૫૨/અ/૧૮ | ૦-૩૨-૩૭ |
| ૭૪૫ | ૦-૩૯-૪૬ | ૧૫૨/અ/૧૯ | ૦-૨૨-૨૬ |
| ૭૪૮ | ૦-૪૩-૫૦ | ૧૫૨/અ/૫/૨/પૈકી/૨ | ૦-૧૭-૨૦ |
| ૭૫૧ | ૦-૪૮-૫૬ | ૧૫૨/અ/૫/૨/પૈકી/૧ | ૦-૨૨-૨૫ |
| ૭૫૨ | ૦-૧૧-૧૨ | કુલ | ૫-૨૯-૧૧ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આઇ.ડી. ચૌધરી)
નાયબ સચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

માહિતી/ગોધરા/૬૪૪/૨૦૨૧

# ગૃહમંત્રી અમિત શાહના હસ્તે એલિવેટેડ કોરિડોર ખુલ્લો મૂક્યો

અમદાવાદ, અમદાવાદ-ગાંધીનગર જતા હાઈવે પર દરરોજ ૧ લાખથી વધુ વાહનચાલકોની અવરજવર થતી હોય છે, જેના કારણે સોલા સિવિલમાં આવતા દર્દીઓને લાવવા-લઈ જવામાં અનેક મુશ્કેલીઓ પડતી હોય છે. ટ્રાફિકને કારણે અનેકવાર એમ્બ્યુલન્સ ફસાઈ જાય છે તેમજ સોલા સિવિલમાં જવા માટે એમ્બ્યુલન્સને ૨ કિમી સુધી ફરીને જવું પડે છે, જેમાં દર્દીઓના સ્વાસ્થ પર ભારે જોખમ ઊભું થાય છે. જોકે હવે આગામી દિવસોમાં આ મુશ્કેલી દૂર થઈ જશે. તાજેતરમાં જ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે સોલા સિવિલ માટે અંડરગ્રાઉન્ડ સબ-વે બનાવવા માટેના ગ્રાન્ટની માગણી કરી હતી.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગોતા ફ્લાયઓવરથી સોલા સાયન્સસિટી ફ્લાયઓવર સુધીના એલિવેટેડ કોરિડોરનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું. ૧૭૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૨.૩૬ કિલોમીટર લાંબો આ એલિવેટેડ કોરિડોર કાર્યરત થવાથી અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત રોડ જંકશનોને ટ્રાફિકજામની સમસ્યામાંથી મુક્તિ મળશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય મતક્ષેત્રમાં આવતા એસ.જી. હાઈવે પર નિર્મિત આ એલિવેટેડ કોરિડોરથી સોલા ભાગવત, કારગિલ પેટ્રોલ પંપ, જનતાનગર અને ઝાયડસ એમ મહત્ત્વનાં ચાર રોડ જંકશનને સીધો લાભ થશે. થલતેજ અન્ડરપાસથી સોલા રેલવે પુલ સુધી ૧.૪૮ કિ.મી. લાંબો ફ્લાયઓવર ૨૭ જૂનથી કાર્યરત છે, હવે તૈયાર થયેલા ૨.૩૬ કિમી લંબાઈના ગોતા ફ્લાયઓવરથી સોલા સાયન્સસિટી બોક્સ સુધીના એલિવેટેડ કોરિડોરને પરિણામે સળંગ ૪.૧૮ કિમી લંબાઈનો ફ્લાયઓવર કાર્યરત થશે.આ ફ્લાયઓવર કાર્યરત થવાથી ગુજરાત હાઈકોર્ટ અને સોલા-સિવિલ હોસ્પિટલ જેવી મહત્ત્વની સંસ્થાઓમાં રાજયના અન્ય જિલ્લાઓમાંથી આવતી સામાન્ય જનતાને આ એલિવેટેડ કોરિડોરથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૭ પર સરળ અને ઝડપી પરિવહનની સુવિધા મળશે. સરખેજ-ગાંધીનગર-ચિલોડા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં-૧૪૭ના ૪૪ કિમી લાંબા રસ્તાની બંને બાજુ સર્વિસ રોડ સાથેના છ-માર્ગીકરણની કામગીરી ૯૧૩ કરોડના ખર્ચે પૂર્ણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે, જે અંતર્ગત નિર્માણ કરવાના થતા ૧૩માંથી ૭ ફ્લાયઓવર કાર્યરત થઈ ચૂક્યા છે. આઠમા ફ્લાયઓવરનું આજે લોકાર્પણ થયું છે. બાકીના ૫ ફ્લાયઓવર નિર્માણાધીન છે. ગોતા પરનો બ્રિજ ખુલ્લો મૂકતાં અહીંથી પસાર થતા લોકોમાં પણ ખુશી જોવા મળી છે. અહીંથી રોજ પસાર થતા કેયૂરભાઈ રોકડિયાએ જણાવ્યું હતું કે અહીં રોજ સતત વ્યસ્તતા જોવા મળતી હોય છે, જેને કારણે ઘણીવાર ટ્રાફિકને લીધે ઓફિસ અથવા તો કામમાં મોડું પણ થતું હોય છે. જોકે હવે આ બ્રિજ બની જવાથી તેમને મોટી રાહત થશે. ઉપરાંત ઓફિસના સમય પહેલાં ૧ કલાક કે ૪૦ મિનિટ વહેલા નીકળવું પડતું, પરંતુ હવે ૧૫-૨૦ મિનિટ મોડા નીકળીશું તોપણ સમસ્યા નહિવત, કારણ કે હવે એસજી હાઈવે પર ઓવરબ્રિજ થઈ જવાથી પોતાના ગંતવ્ય સ્થાન પર ઝડપથી પહોંચી શકાશે. અમદાવાદ-ગાંધીનગરને જોડવા એસજી હાઈવે પર નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા અમદાવાદમાં સિક્સ લેન બનાવવામાં આવી રહ્યો છે. ૭ પૈકી ૬ ફ્લાઈઓવર હવે ધમધમતા થઈ ગયા છે, જેથી અમદાવાદથી ગાંધીનગર સુધીનો જવાનો સમય ૪૫ મિનિટથી ઓછો થઈને ૨૦થી ૨૫ મિનિટનો થશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ૨૧ જૂને સરખેજ-ગાંધીનગર હાઈવે ઉપર અંદાજે રૂ.૮૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા ચાર ઓવર બ્રિજ વૈષ્ણોદેવી ફ્લાયઓવર બ્રિજ, ખોડિયાર કન્ટેનર યાર્ડ ફ્લાયઓવર બ્રિજ અને છત્રાલ-પાનસર રોડ ખાતે રેલવે ઓવર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આજે ગોતા ફ્લાયઓવરથી સોલા સાયન્સસિટી ફ્લાયઓવર સુધીના એલિવેટેડ કોરિડોરનું લોકાર્પણ કર્યું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં દેવી-દેવતાવાળા ફટાકડાનો વિરોધ કરી ફટાકડાનો નાશ કરાયો



દાહોદ,
દાહોદ શહેરમાં ફટાકડાના વેચાણમાં ખાસ કરીને હિન્દુ દેવી દેવતાવાળા ફટાકડાનો વિરોધ નોંધાવી આ વખતે દાહોદ હિન્દુ સંગઠનો દ્વારા આવા ફટાકડાના જથ્થાનો ફટાકડાની દુકાને દુકાને જઈ નાશ કર્યો હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેર સહિત જિલ્લામાં દિવાળીના તહેવારની ઉજવણી કરવા પ્રજાજનોમાં તલપાપડ થઈ રહ્યાં છે અને તેમાંય ખાસ કરીને ફટાકડા ફોટડવાના શોખીન એવા દાહોદવાસીઓએ ફટાકડાની ખરીદી કરતાં પણ જોવા મળી રહ્યાં છે. ત્યારે બીજી તરફ આ વખતે દાહોદના હિન્દુ સંગઠનો દ્વારા હિન્દુ દેવી દેવતાના ચિત્રવાળા ફટાકડાનો નાશ કરી રહ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે. દાહોદના યશ માર્કેટ અને કેશવ માધવ રંગમંચ ખાતેના ફટાકડા બજારમાં હિન્દુ સંગઠનો પહોંચ્યા હતાં અને ફટાકડાનું વેચાણ કરતાં દુકાનદારોને હિન્દુઓની લાગણી દુભાય તેવા હિન્દુ દેવી, દેવતાના ચિત્રવાળા ફટાકડાનું વેચાણ ન કરવા ફટાકડાના વેપારીઓને અપીલ પણ કરાઈ રહી છે અને સાથેજ આવા ફટાકડાના જથ્થોનો નાશ પણ કરવામાં આવ્યો હતો.

# દાહોદની જે.આર. બી.એડ. કોલેજ ખાતે નિવૃત્ત થતાં શિક્ષકોનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

દાહોદ,
દાહોદની જે.આર.બી.એડ. કોલેજ ખાતે પ્રાથમિક શિક્ષણનાં ગત તા. ૩૧ ઓક્ટોબરે નિવૃત્ત થતાં શિક્ષકોનો સન્માન સમારોહ અને તેમને મળવાપાત્ર લાભોના પ્રમાણપત્ર એનાયતનો કાર્યક્રમ વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં યોજાયો હતો. સાંસદ જસવંતસિંહ ભાભોર પણ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. કાર્યક્રમમાં નિવૃત્ત થતા ૩૧ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના પેન્શન–ગ્રેજ્યુએટી સહિતના રૂ.૧૬ કરોડથી વધુનાં લાભોના પ્રમાણપત્ર મહાનુભાવોના હસ્તે આપવામાં આવ્યા હતા.

વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ આ પ્રસંગે જણાવ્યું કે, શિક્ષકએ નવા સમાજના ઘડતરમાં મહત્વનું યોગદાન આપે છે. દરેક વ્યક્તિના જીવનમાં શિક્ષકનું આગવું મહત્વ હોય છે. શિક્ષક વ્યક્તિ નિર્માણ થકી એક આદર્શ સમાજનું નિર્માણ કરે છે. તેઓ વિદ્યાર્થીઓમાં ઉચ્ચ ગુણોનું સિંચન કરે છે. સત્ય, સદાચાર, નીતિના ગુણો વિદ્યાર્થી શિક્ષક પાસેથી મેળવે છે ત્યારે શિક્ષકો નિવૃત્તિ બાદ પણ સમાજમાં પોતાની સેવાનો ઓજસ પાથરતા રહે.

સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, સરકારના ખૂબ મહત્વનાં કાર્યક્રમોને લોકો સુધી પહોંચતા કરીને તેને સફળ બનાવવામાં શિક્ષકોનું મહત્વનું યોગદાન છે. વસ્તી ગણતરીથી લઈને અનેક મહત્વપૂર્ણ યોજનાઓ શિક્ષકોના સહયોગ વિના શક્ય ન બની હોત. રાષ્ટ્રના વિકાસમાં પણ શિક્ષકોનું યોગદાન ખૂબ મોટું છે. દરેક વ્યક્તિના જીવનની સફળતામાં પણ શિક્ષકોનું પાયાનું યોગદાન હોય છે.

તેમણે નિવૃત્તિ બાદ પણ શિક્ષકોને સમાજસેવાના કાર્યમાં જોડાવા અને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ જનજન સુધી પહોંચતા કરવા માટે જણાવ્યું હતું. જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલાએ શિક્ષકોને નિવૃત્તિ જીવનની શુભેચ્છાઓ આપી હતી. કાર્યક્રમમાં જિલ્લામાં સારી કામગીરી બજાવતા શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચન જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મયુર પારેખએ કર્યું હતુ. આ વેળાએ જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સરતનભાઈ ચૌહાણ, જિલ્લા પંચાયત કારોબારીના અદયક્ષ જિથરાભાઈ ડામોર, શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલ્લભાઈ ડામોર, એપીએમસીના ચેરમેન કનૈયાલાલ, અગ્રણી સુધીરભાઈ લાલપુરવાળા, નરેન્દ્રભાઈ સોની, શિક્ષક સંઘના પ્રમુખઓ સહિત શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદ સીમંધર અન્નકુટ સેવા સમિતિ દ્વારા દિવાળીના પર્વમાં ગરીબો માટે શુભેચ્છા ભેટનું આયોજન કર્યું

દાહોદ,
સીમંધર અન્નકૂટ સેવા સમિતિ દ્વારા દીવાળીના પાવન પર્વ નિમિત્તે ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે ખાસ શુભેચ્છા ભેટનું આયોજન કરવામાં આવ્યું છે. ગરીબ પરિવારો પણ દિવાળીનો તહેવાર ઉત્સાહપૂર્વક ઊજવી શકે તે માટે આ કામગીરીનો આરંભ કરવામાં આવ્યો છે. મીઠાઈ સહિત નમકીન વિગેરે ચીજ વસ્તુઓના પેકેટનું નિશુલ્ક વિતરણ કરવામાં આવનાર છે.

બે વર્ષમા કોરોના વૈશ્વિક મહામારી દરમિયાન દાહોદના સીમંધર અન્નકૂટ સેવા સમિતિ દ્વારા જરૂરિયાત તેમજ ગરીબ લોકોની વહારે આવી સતત ખડે પગે પોતાની નિષ્ઠાસભર કામગીરી બજાવી હતી અને તમામ લોકો સુધી નિશુલ્ક ભોજન પૂરું પાડવાની ઉમદા કામગીરી કરી હતી. સીમંધર અન્નકૂટ સેવા સમિતિ દાહોદ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઘર ઘર દિવાળી. ઘર ઘર ખુશીઓના સ્લોગન સાથે આ વર્ષની દિવાળી જરૂરિયાતમંદ તેમજ ગરીબ લોકો સાથે ઉજવવાનું નક્કી કર્યું છે. આ વર્ષે સીમંધર અન્નકૂટ સેવા સમિતિ દ્વારા દાહોદના જરૂરિયાતમંદ તેમજ ગરીબ ઘરોમાં દિવાળીની શુભેચ્છા ભેટ સ્વરૂપે મીઠાઈ, નમકીન, તેલ, ચોકલેટ, બિસ્કીટ, વિગેરેની કીટ બનાવીને નિઃશુલ્ક વિતરણ કરવા જઈ રહ્યું છે. દરેક વાનગી અઢીસોથી ત્રણસો કિલો બનાવવામાં આવી છે. ચોકલેટ બરફી, માવા બરફી, નવરત્ન ડ્રાયફ્રુટ ચેવડોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ એ બાબત જાણવા મળી છે કે, આપવા માટે તૈયાર કરવામાં આવેલ સામગ્રીમાં જે તેલ અપાઈ રહ્યું છે. તે તેલ દીવા સળગાવવા ની સાથે સાથે જરૂરિયાત મંદ લોકો તેને ખાવા માટે પણ ઉપયોગ કરી શકે છે.

## દાહોદ ખાતે એનિમલ વાન ૧૯૬૨ ની સુવિધા ૨૪ કલાક માટે કરવા માટે દાહોદ પાલિકાના કાઉન્સિલરે આવેદન આપ્યું

દાહોદ,
દાહોદ ખાતે કાર્યરત એનિમલ વન ૧૯૬૨ ની સેવા સાંજે ૫ થી ૭ ના ગણતરીના કલાક માટે જ કાર્યાન્વિત છે. ત્યારે આ સંદર્ભે ઘટતું તે કરવા દાહોદ પાલિકાના જાગૃત કાઉન્સિલર શ્રદ્ધાબેન ભડંગ દ્વારા દાહોદના ડી.ડી.ઓ. તેજસ પરમારને એક આવેદન આપી અપીલ કરી છે કે, ત્રણ રાજ્યોની સરહદે આવેલા દાહોદમાં મોટાભાગે રાતના સમયે રસ્તા ઉપર ગાયોના ટોળેટોળા બેસી રહે છે. ત્યારે પસાર થતા વાહનો દ્વારા પ્રાણીઓને ખૂબ ઈજા નોંધાય છે. ત્યારે દાહોદ ખાતે ગણતરીના કલાકો બદલે 24X7 ધોરણે એક પશુ ચિકિત્સકની નિયુક્તિ જાહેર કરી ઉપયોગી એવી આ એનિમલ વાનની સુવિધા દાહોદવાસીઓને ૨૪ કલાક મળતી રહે તે જરૂરી છે.

## દાહોદ ગૌરક્ષા સમિતિ દ્વારા બે ફટાકડા સ્ટોલ લગાડવામાં આવ્યા

દાહોદ,
દાહોદ શહેરમાં આ વખતે ગૌરક્ષા સેવા સમિતિ દ્વારા ફટાકડા બજારમાં ફટાકડાના બે સ્ટોલ લગાવવામાં આવ્યાં છે. ગૌરક્ષકોની ટીમ દ્વારા ફાળો ઉઘરાવી આ સ્ટોલ નાંખવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ શહેર સહિત જિલ્લામાં સતત ચોવીસ કલાક ગૌ માતાની રક્ષા કાજે પોતાના જીવને જોખમમાં મુકી ગૌમાતાની રક્ષા કરતાં દાહોદના ગૌરક્ષકો દ્વારા આ વખતે ગૌરક્ષકોએ ફાળો એકઠો કરી દાહોદ શહેરમાં આવેલ કેસવ માધવ રંગમંચ ખાતે ફટાકડા બજારમાં ગૌ સેવા સમિતિના નામના બે ફટાકડાના સ્ટોલ લગાવવામાં આવ્યાં છે. જાણળા મળ્યાં અનુસાર, આ ફટાકડાના વેપારમાં જે કોઈ આવક અને નફો થશે તેનો સંપુર્ણ ઉપયોગ ગૌ માતાની સેવામાં રકમ ઉપયોગમાં લેવાશે જેમાં ગૌમાતાને ઘાસ,ચારો વિગેરે ખળડાવવામાં આવનાર છે.

## ફતેપુરા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રના ચોથા વર્ગના કર્મચારીઓને ત્રણ મહિનાથી પગાર ન મળતા ગુજરાન ચલાવવુ મુશ્કેલ

સુખસર,
ફતેપુરા તાલુકાના સુખસર, આફવા, સરસવા અને બલૈયાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓને ત્રણ મહિનાથી પગાર ચુકવવામાં આવ્યો નથી. જેથી તેમને ઘરનુ ગુજરાન ચલાવવામાં મુશ્કેલી થયુ છે. ચોથા વર્ગના કોન્ટ્રાકટર બેઈઝ કર્મચારીઓને પગાર નહિ મળતા સામી દિવાળીએ હૈયાહોળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

એકબાજુ દિવાળીના તહેવારની તાડામાર તૈયારીઓ ચાલી રહી છે જયારે બીજી તરફ કર્મચારીઓ પગાર માટે વલખા મારી રહ્યા છે. તંત્રની બેદરકારીના કારણે ત્રણ મહિનાથી પગાર અટકી જતા આરોગ્ય વિભાગના કર્મચારીઓની હાલત કફોડી બનવા પામી છે. દિવસ અને રાત્રિ બંને પાળીમાં કામ કરવા છતાં સરકાર પાસે જેને કોન્ટ્રાકટ લીધો હોય તે એજન્સી પુરતા નાણાં પણ આપી રહી નથી. હવે ચોથા વર્ગના કર્મચારી ત્રણ–ચાર મહિનાથી પગારથી વંચિત હોવાથી દિવાળીના ગણતરીના દિવસો બાકી છે અને પગાર થશે કે કેમ ? અને દિવાળી જેવા તહેવાર સમયે પગાર ન મળે નોકરી શા કામની ? જેવા અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

## LCBએ દિવાળી સમયે ૨૨.૭૮ લાખનો દારૂનો જથ્થો પકડાયો

અમદાવાદ,
જિલ્લા પોલીસ વડા વીરેન્દ્રસિંહ યાદવની સૂચના બાદ એલસીબી પીઆઈ એચ.બી. ગોહિલે ટીમ દ્વારા નાકાબંધી કરી વાહન ચેકિંગ શરૂ કર્યું હતું. ટીમને બાતમી મળી હતી કે, કોઠ પોલીસ સ્ટેશનની વિસ્તારમાં વટામણ ધોલેરા હાઈવે પર ભોળાદ ગામના પાટિયા વીર વચ્છરાજ હોટલ પાસે દારૂની હેરાફારી થવાની છે. ટીમે વોચ ગોઠવી એક ટેક્રરને પકડી હતી. જેના કમ્પાર્ટમેન્ટમાં છૂપાવલો દારૂનો મોટો જથ્થો પકડ્યો હતો. એલસીબીની ટીમે ટેક્રર સાથે વાસુદેવ બિશ્નોઈ (ઉ.વ.૨૭, રહે. ઝાલોર)ને પકડી પાડ્યો હતો. ટેક્રરમાં તપાસ કરતા દારૂની બોટલ નંગ- ૫૮૨૦ કિ.રૂ. ૨૨.૭૮ લાખની મળી આવી હતી. આ ઉપરાંત પોલીસે ટેક્રર રૂ. ૨.૫૦ લાખ તથા મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ. ૨૫.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગુજરાત પાસિંગના ટેક્રરમાંથી દારૂનો મોટી માત્રામાં જથ્થો પકડાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.અમદાવાદ ગ્રામ્ય એલસીબીની ટીમે ગુજરાત પાસિંગના ટેક્રરના કમ્પાર્ટમેન્ટમાં સંતાડેલો દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. વટામણ ધોલેરા હાઈવે પર ભોળાદ ગામના પાટિયા પાસે એલસીબીની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી ટેક્રરને પકડી પાડ્યો હતો. જેમાંથી પોલીસે દારૂની ૪૮૫ પેટી જેમાં ૫૮૨૦ બોટલ દારૂનો જથ્થો મળ્યો હતો. રૂ. ૨૨.૭૮ લાખની કિંમતના દારૂના જથ્થા સાથે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો અને કોને મોકલવાનો હતો તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

## ભરૂચમાં ગેરકાયદેસર દબાણો દૂર કરાયા

ભરૂચ,
ભરૂચના મુખ્ય માર્ગો પર લારી અને પાથરણા વાળા ગેરકાયદે અડીંગો જમાવી દેતા હોય છે. જેના પગલે દિવાળી તેહાવારમાં વારંવાર ટ્રાફીક જામ થતો હોય છે. જેથી ટીમો દ્વારા આવા દબાણો હટાવવાની કામગીરી કરાઈ છે.તહેવારોમાં વાહન ચાલકોને તાલકીફ પડશે તો આ ટ્રાયલ ચાલુ રહશે.ભરૂચ શહેર જિલ્લામાં દિવાળી તહેવારના કારણે બજારમાં માર્ગો પર ટ્રાફિક જામની સમસ્યાઓ જોવા મળી રહી છે.ત્યારે શહેરના મુખ્ય સ્ટેશન રોડ પર લારીવાળાઓએ હાટડીઓ જમાવી દેતા ભરૂચ નગરપાલિકાની ટીમોએ એકાએક સપાટો બોલાવી ગેરકાયદેસરના દબાણો હટાવી દેવાયા હતા.જેના પગલે નાશભાગના પણ દ્રશ્યો સર્જાયા હતા. ભરૂચ શહેરમાં દિવાળીના પર્વ નિમિત્તેબજારોમાં ખરીદીમાં ભારે ભીડ જોવા મળે છે. ત્યારે અમુક દુકાન ધારકો પોતાનો સમાન દુકાનની બહાર કાઢીને માર્ગ સુધી લઈ આવતા લારીઓ વાળા સહીત પાથરણાવાળા અડીંગો જમાવી દેતા હોઈ વારંવાર ટ્રાફિક જામની પરિસ્થિતિઓ સર્જાતી હોય છે.જેના પગલે વાહન ચાલકો, દુકાનદારો સહિત રાહદારીઓને હાલાકીઓનો ભોગ બનવુંપડે છે.સામાન્ય રીતે દિવાળી તહેવાર નિમિત્તે લોકો ખરીદી માટે ઉમટી પડતાં હોય છે. પરંતુ લારીઓ વાળા ગમે ત્યાં અડીંગો જમાવી દેતા હોવાના પગલે નગરજનો દ્વારા ભરૂચ પાલિકામાં નગરસેવકો સહિત સત્તાધિશોને ફરિયાદ કરવામાં આવી હતી.જેથી પાલિકાની દબાણ શાખાની ટીમ દ્વારા રવિવારે સવારના સ્ટેશન રોડના તમામ ગેરકાયદેસરના સપાટો બોલાવી દબાણો દુર કરવામાં આવ્યા હતા. જેના પગલે વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓનો અંત આવી ગયો હતો.

## અમદાવાદમાંથી ગુમ થયેલ સી-પ્લેન સર્વિસ ફરી જોવા મળશે... !!!



અમદાવાદ,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અમદાવાદથી કેવડીયા સી-પ્લેન સર્વિસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણના બીજા દિવસે જ્યારે મુસાફરો માટે સી-પ્લેન સર્વિસ ખુલ્લી મુકવામાં આવી ત્યારે પહેલા જ સી-પ્લેન કેવડીયાથી અમદાવાદ ૩ કલાક લેટ પહોંચ્યું હતું. આ ઉપરાંત તે વખતે માત્ર ૮ મુસાફરો જ સી-પ્લેનમાં મુસાફરી કરી રહ્યા હતા. તો બીજા જ દિવસે બીજા ફેરા માટે પૂરતા મુસાફરી ન મળતા બીજો ફેરો રદ કરવામાં આવ્યો હતો. જ્યારે આ સર્વિસ શરૂ થઈ તે સમયે સી-પ્લેનમાં સવારની ફ્લાઈટનું ભાડું ૧,૫૯૦ રૂપિયા રાખવામાં આવ્યું હતું અને બીજી બપોરની ફ્લાઈટનું ભાડું ૨,૨૦૦ રૂપિયા રાખવામાં આવ્યું હતું.૩૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ અમદાવાદના સાબરમતી રીવર ફ્રન્ટથી કેવડિયા સુધી સી-પ્લેન સર્વિસની શરૂઆત કરવામાં આવી હતી. પણ જાણે આ સર્વિસ દેખાવ માટે શરૂ થઈ હોય તેવું લાગુ રહ્યું છે. કારણ કે, જેટલા જોરશોરથી સી-પ્લેન સર્વિસની શરૂઆત કરવામાં આવી હતી. તેવી જ રીતે ગણતરીના સમયમાં આ સર્વિસ બંધ કરી દેવામાં આવી. વારંવાર સી-પ્લેનને મેન્ટેનન્સ માટે માલ્દિવ્સ મોકલવામાં આવતું હતું. જેટલા સમયે પ્લેન મેન્ટેનન્સ માટે માલ્દિવ્સ જાય તેટલા દિવસ આ સર્વિસ બંધ રાખવામાં આવતી હતી. સી-પ્લેન સર્વિસ શરૂ થયા બાદ એક ચોંકાવનારી માહિતી સામે આવી છે કે, આ સર્વિસ ૩૬૫ દિવસમાંથી ૨૫૦થી વધુ દિવસ સુધી આ સર્વિસ બંધ રહી હતી. બીજી મહત્ત્વની વાત એ છે કે, ૯ એપ્રિલથી સી-પ્લેનનું એરક્રાફ્ટ માલ્દિવ્સ પરત મોકલી દેવામાં આવ્યું હતું. ત્યારથી લઈને આજદિન સુધી આ સર્વિસ શરૂ થઈ નથી. એરક્રાફ્ટ પરત ન આવતા સવાલ એ ઉભા થઈ રહ્યા છે કે, અમદાવાદથી કેવડિયાની સી-પ્લેન સર્વિસ શરૂ થશે કે નહીં? જ્યારથી સી-પ્લેન શરૂઆત થઈ ત્યારથી લઈને એક વર્ષના સમયમાં માત્ર તે ૧૧૦ દિવસ માટે જ ઓપરેટ થયું હતું. આ દરમિયાન ૨૮૪ ફ્લાઈટ અમદાવાદથી કેવડીયા વચ્ચે અવર જવર થઈ હતી. અત્યાર સુધીમાં ૨,૪૫૭ લોકોએ સી-પ્લેનની મુસાફરી કરી છે. આમ ૧૯ મુસફરોની ક્ષમતા ધરાવતા સી-પ્લેનની દરેક ફ્લાઈટમાં સરેરાશ ૯ મુસાફરોએ મુસાફરી કરી. સી-પ્લેન માટે અમદાવાદના રીવરફ્રન્ટ પર એક ખાસ વોટર એરીડ્રોમ પણ બનાવવામાં આવ્યું હતું.

# પાણી, વીજળી કે પર્યાવરણ બચાવીને પણ દેશસેવા કરી શકાય : ભુપેન્દ્ર પટેલ



ગાંધીનગર,
વર્લ્ડ સ્કિલ ઈન્ડિયાના ડાયરેક્ટર પ્રકાશ શર્માએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા દર બે વર્ષે ઈન્ડિયા સ્કિલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. પશ્ચિમ ક્ષેત્રની આ પ્રાદેશિક કૌશલ્ય સ્પર્ધામાં ઓટોબોડી રિપેર, બેકરી, ફ્લોરિસ્ટ્રી ( ફૂલોની કળા ), ઈંટોની ગોઠવણી, બ્યુટી થેરાપી, ફેશન ટેકનોલોજી, મોબાઈલ રોબોટિક્સ, વેલ્ડિંગ, ચિત્રકળા અને સુશોભન, જ્વેલરી ડિઝાઈનિંગ જેવા ક્ષેત્રે પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સહયોગથી આયોજિત ઈન્ડીયા સ્કિલ્સ-૨૦૨૧ની વેર્સ્ટન રિજીયનની સ્પર્ધાના વિજેતા યુવાઓને આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માનિત કરવામાં આવ્યાં. આ પ્રસંગે હરેકને કામ – હર કામનું સન્માનદ્ધ દ્વારા કૌશલ્ય વિકાસ-સ્કિલ ડેવલપમેન્ટ થી આત્મનિર્ભર ભારતનો પ્રધાનમંત્રીનો સંકલ્પ પાર પાડવા ગુજરાતના મુખ્યમંત્રીએ રાજ્યના યુવાઓને આહવાન કર્યું. ઈન્ડીયા સ્કિલ્સ-૨૦૨૧ની પ્રાદેશિક સ્પર્ધામાં પશ્ચિમ ક્ષેત્રના ગુજરાત-ગોવા-મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશ-રાજસ્થાન રાજ્યોના ૨૩૦ થી વધુ યુવા સ્પર્ધકોએ ૩૮ કૌશલ્યોમાં સ્પર્ધા કરી. ૮૨ વિજેતાઓ ડિસેમ્બર-૨૦૨૧માં ઈન્ડીયા સ્કિલ નેશનલમાં પ્રતિનિધિત્વ કરશે. આ કાર્યક્રમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુંકે, ઈન્ડીયા સ્કિલ્સ-૨૦૨૧ માત્ર સ્પર્ધા નહિં પરંતુ આપણી યુવાશક્તિને ગ્લોબલ યુથ બનવાની તક આપતું પ્લેટફોર્મ છે. હરેક વ્યક્તિમાં નાનપણથી જ કોઈને કોઈ સ્કિલ પડેલી હોય જ છે તેને યોગ્ય નિખાર આપવાની શરૂઆત હવે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં સ્કિલ ઈન્ડીયાથી થઈ છે આપણે જ્યાં હોઈએ ત્યાં દેશ હિતનું એકાદ કામ પણ કરીએ પાણી-વીજળી-બચાવીએ પર્યાવરણ જાળવીએ તે રાષ્ટ્ર હિત-દેશ સેવા જ છે, આ રીતે પણ આપણે દેશની સેવા કરી શકીએ છે. તેમણે ઉમેર્યુ કે, 'ડિગ્નીટી ઓફ વર્કલ્લથી હર હાથને કામ હર કામનું સન્માન એ આધાર ઉપર જ પ્રધાનમંત્રીશ્રી નયા ભારત-આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ છે. આ સાથે જ સીએમ ભૂપેન્દ્ર પટેલે આ સ્પર્ધામાં વિજેતા થયેલાં સ્પર્ધકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ આ જણાવ્યું કે, આ ટેક્નોલોજીકલ ક્રાંતિનો સમય છે. વિકસતી ટેક્નોલોજીના યુગમાં ભવિષ્યના નેતૃત્વ માટે યુવાનોને તૈયાર કરવા માટે આપણે તેમની વિચારસરણી અને વ્યવહારિક ક્ષમતાઓને ઘડવી જ જોઈએ. આવા કાર્યક્રમ માત્ર રોજગારની ઈચ્છા જ નહીં પરંતુ યુવાનોની માનસિકતાને વિસ્તૃત કરવાનો પણ પ્રયાસ કરે છે. વાસ્તવિક પ્રગતિ માટે રાષ્ટ્રને સારા સાહસિકો અને વૈજ્ઞાનિકોની પણ જરૂર હોય છે જે સ્કિલ ઈન્ડિયા મિશન થકી પૂરી થશે. માર્ગ - મકાન મંત્રી પૂર્ણેશ મોદીએ સંબોધન દરમિયાન જણાવ્યુંકે, કૌશલ્ય એક એવો વિષય છે કે જે બાળકના જન્મની સાથે જ કુદરતી રીતે તેનામાં હોય છે પણ જરૂર માત્ર તેને વિકસાવવાની હોય છે અને આ કામ આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કર્યું છે. જેના પરિણામ સ્વરૂપ આજે વધુને વધુ યુવાઓ પોતાના કૌશલ્યને પ્રદર્શિત કરવા આવા કાર્યક્રમોમાં સહભાગી થઈ રહ્યા છે. આપણું કૌશલ્ય આપણને અન્યો કરતા અલગ તારવે છે. જે આપણને આત્મનિર્ભર બનવા પ્રોત્સાહિત કરે છે. જેમ જેમ કૌશલ્ય કેળવાશે તેમ તેમ રોજગારી વધશે અને આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન ઝડપથી સાકાર થશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. શ્રમ - રોજગાર રાજ્ય મંત્રી બ્રિજેશ મેરાજાએ કહ્યું કે, આજનો યુવા પોતાના કૌશલ્યને ઓળખે, વિકસાવે અને રોજગારનું સર્જન કરે તે માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. નવિન સર્જનાત્મક વિચારો કરવા અને સાહસિક નિર્ણયો લેવા પ્રેરિત થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા કૈશલ્ય યુનિવર્સિટીનું પણ નિર્માણ કરવામાં આવવાનું છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના પ્રયત્નોને પરિણામે આજે કૌશલ્ય પ્રાપ્ત કરનારા લોકોની સંખ્યામાં અનેક ગણો વધારો થયો છે. આવનારા દિવસોમાં ભારત વિશ્વની કૌશલ્ય રાજધાની બનશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.61

